રોનાલ્ડો પેનલ્ટી ચૂક્યો, અલ નાસર સાઉદી કપમાંથી બહાર

રિયાધ (સાઉદી અરેબિયા), તા. 30 (એપી) : ક્રિસ્ટિયાનો રોનાલ્ડો બીજા હાફના ઇન્જરી ટાઇમમાં પેનલ્ટી પર ગોલ કરતાં ચૂકી જતાં અલ નાસરનો અલ તાવૂન સામે 1-0થી પરાજય થયો હતો અને તેની ટીમ સાઉદી અરેબિયાની ઘરઆંગણાની ફૂટબોલ ટૂર્નામેન્ટ કિંગ્સ કપમાંથી આઉટ થઇ ગઇ હતી. પાંચ વખતના બેલોન ડી'ઓર વિજેતા રોનાલ્ડોએ લગભગ બે વર્ષ પહેલા અલ નાસર સાથે કરાર કર્યો હતો પરંતુ હજુ સુધી કોઇ મોટી ટ્રોફી જીતી શકી નથી. સાઉદી અરેબિયાની પ્રીમિયર નોકઆઉટ સ્પર્ધામાં રાઉન્ડ ઓફ 16 સ્ટેજ મેચમાં 20 મિનિટ બાકી હતી ત્યારે વાલીદ અલ અહેમદના હેડરને કારણે થયેલા ગોલની મદદથી અલ તાવૌને સરસાઇ મળી હતી. 95મી મિનિટે અલ અહેમદની ભૂલથી અલ નાસરને પેનલ્ટી મળી હતી, પણ રોનાલ્ડો તેના પર ગોલ કરતાં ચૂક્યો હતો.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ મુખ્ય કોચ મેકડોનાલ્ડનો કાર્યકાળ 2027 સુધી લંબાવ્યો

સિડની, તા. 30 (પીટીઆઇ) : ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ બુધવારે પોતાની પુરૂષ ટીમના મુખ્ય કોચ એન્ડ્રુ મેકડોનાલ્ડનો કાર્યકાળ 2027 સુધી લંબાવ્યો છે, તેઓ દક્ષિણ આફ્રિકામાં યોજાનારા વન ડે વર્લ્ડકપ સુધી આ પદ પર રહેશે. મેકડોનાલ્ડે 2022ની શરૂઆતમાં જસ્ટિન લેંગરની જગ્યાએ આ પદ સંભાળ્યું હતું. કોચ તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ઓસ્ટ્રેલિયાની ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અને વન ડે વર્લ્ડકપમાં ચેમ્પિયન બની હતી. આ સિવાય તેણે ઇંગ્લેન્ડમાં એશિઝ પણ જાળવી રાખી હતી. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના સીઇઓ નિક હોકલીએ કહ્યું હતું કે એન્ડ્રુ પુરૂષ ટીમ માટે ઉત્તમ કોચ સાબિત થયો છે. તેમના કોચ હેઠળ ટીમે અસાધારણ સફળતાઓ હાંસલ કરી હતી. અમે તેના પ્રદર્શનથી ખુશ છીએ.

બોપન્ના-એબડેનની જોડી પેરિસ માસ્ટર્સની ક્વાર્ટર ફાઇનલમાં

પેરિસ, તા. 30 (પીટીઆઇ) : ભારતના સ્ટાર ખેલાડી રોહન બોપન્ના અને તેના ઓસ્ટ્રેલિયન પાર્ટનર મેથ્યુ એબ્ડેન અહીં સીધા સેટમાં જીત નોંધાવીને પેરિસ માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટની મેન્સ ડબલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગયા છે.

શુક્રવારથી શરૂ થતી ત્રીજી ટેસ્ટ માટે ભારતીય ખેલાડીઓની નેટ સેશનમાં આકરી પ્રેક્ટિસ

નેટ સેશન માટે સ્થાનિક સ્પિનરો અને ઝડપી બોલરો સહિત 25 નેટ બોલરોને બોલાવાયા

તમામ સિનિયર સહિત ભારતીય ટીમના દરેક સભ્યએ લાંબો સમય સુધી બેટિંગ પ્રેક્ટિસ કરી

મુંબઈ, તા. 30 (પીટીઆઇ) : અહીં રમાનારી ત્રીજી ટેસ્ટ માટેની પીચ સ્પિન ફ્રેન્ડલી હોવાની ચર્ચા વચ્ચે ન્યુઝીલેન્ડ સામેની હોમ સિરીઝ 0-2થી હારી ગયેલી ભારતીય ટીમે મુલાકાતી ટીમના સ્ટીક બોલરો, ખાસ કરીને સ્પિનરો સામે બેટ્સમેનોના પ્રદર્શનને સુધારવા માટે ઘણો પરસેવો પાડ્યો હતો વાનખેડે સ્ટેડિયમ ખાતેનું નેટ સત્ર દર્શાવે છે કે શુક્રવારથી શરૂ થનારી અંતિમ ટેસ્ટ માટે ટીમ મેનેજમેન્ટ કેટલું ઉત્સુક છે કારણ કે વિરાટ કોહલી અને રોહિત શર્મા જેવા અનુભવી બેટ્સમેન આ ટેસ્ટ સીરિઝ અત્યાર સુધી અપેક્ષા મુજબનું પ્રદર્શન કરી શક્યા નથી.

નેટ સત્ર પહેલાં, ટીમ મેનેજમેન્ટે ગ્રાઉન્ડસમેનને ચાર પ્રેક્ટિસ નેટ પર વધારાની સફેદ રેખાઓ દોરવા કહ્યું હતું. પરંપરાગત સ્પિનથી વિપરીત, ભારતીય બેટ્સમેન પાસે સેન્ટનરના બોલનો કોઈ જવાબ ન હતો, જે એમસીએ સ્ટેડિયમની પિચ પર સમાન જગ્યાએ પડી રહ્યા હતા પરંતુ કેટલાક ટર્ન કરી રહ્યા હતા જ્યારે કેટલાક સીધા જઈ રહ્યા હતા. તે સ્પષ્ટ છે કે મુખ્ય કોચ ગૌતમ ગંભીર ઇચ્છે છે કે તેના બેટ્સમેનો વધુ સારી તૈયારી સાથે અંતિમ ટેસ્ટમાં ઉતરે.

ભારતે 25 નેટ બોલરોને બોલાવ્યા જેમાં સ્થાનિક સ્પિનરો અને ઝડપી બોલરોનું સારું મિશ્રણ હતું. આ તમામે સિનિયર ખેલાડીઓને લગભગ ત્રણ કલાક પ્રેક્ટિસ કરાવી હતી. મોહમ્મદ સિરાજ સહિત ભારતીય ટીમના લગભગ દરેક સભ્યોએ લાંબા સમય સુધી બેટિંગ કરી હતી. સિરાજ કોહલીના બેટથી રમવા આવ્યો અને કેટલાક મોટા શોટ ફટકાર્યા હતા.

ઓસ્ટ્રેલિયા એ સામે આજથી પ્રથમ મેચ : ઇશ્વરન, નીતિશ અને પ્રસિદ્ધ પર નજર

ભારતીય ટીમના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા ઓસ્ટ્રેલિયા પહોંચેલી ભારત-એ ટીમની મેચોમાં ત્રણેયનું પ્રદર્શન ટીમ માટે મહત્વનું

શાર્દુલ ઠાકુરના સ્થાને મુખ્ય ટીમમાં સામેલ કરાયેલા નીતિશ રેડ્ડી માટે ભારત-એ ટીમ સાથેનો પ્રવાસ મોટી તક સાબિત થઇ શકે

ભારત-એ ટીમના ઓસ્ટ્રેલિયા પ્રવાસનું શેડ્યુલ

મેચ	તારીખ	સ્થળ	સમય
પ્રથમ ચાર દિવસીય મેચ	31 ઓક્ટોબરથી 4 નવેમ્બર	મૈકે	સવારે 5.30 વાગ્યાથી
બીજી ચાર દિવસીય મેચ	07થી 10 નવેમ્બર	મેલબોર્ન	સવારે 5.00 વાગ્યાથી
ઇન્ટ્રા સ્ક્વોડ ગેમ	15થી 17 નવેમ્બર	પર્થ	સવારે 8.00 વાગ્યાથી

મેકે (ઓસ્ટ્રેલિયા), તા. 30 (પીટીઆઇ) : ભારતની સીનિયર ટીમના ઓસ્ટ્રેલિયા પ્રવાસ પહેલા આવતીકાલે ગુરૂવારથી અહીં શરૂ થનારી ભારત-એ અને ઓસ્ટ્રેલિયા-એ વચ્ચેની ચાર દિવસીય ક્રિકેટ મેચમાં તમામની નજર અભિમન્યુ ઈશ્વરન, નીતિશ કુમાર રેડ્ડી અને પ્રસિદ્ધ કૃષ્ણ પર રહેશે. ઑસ્ટ્રેલિયા સામે 22 નવેમ્બરથી શરૂ થનારી બોર્ડર ગાવસ્કર ટ્રોફી માટે ભારતીય ટીમમાં ઈશ્વરન, નીતિશ અને પ્રસિદ્ધની પસંદગી કરવામાં આવી છે અને તેથી ભારતીય ટીમ મેનેજમેન્ટ ઑસ્ટ્રેલિયન પરિસ્થિતિઓમાં તેમના પ્રદર્શન પર ખાસ નજર રાખશે.

આમાં, ઈશ્વરનનું પ્રદર્શન ખૂબ મહત્વનું રહેશે કારણ કે જો કેપ્ટન રોહિત શર્મા અંગત કારણોસર પાંચ ટેસ્ટ મેચની આ સીરિઝની એક કે બે મેચ રમી શકશે નહીં તો આ 29 વર્ષીય બેટ્સમેનને ઈનિંગ્સની શરૂઆત કરવાની તક મળી શકે છે. ઈશ્વરન ખૂબ જ અનુભવી બેટ્સમેન છે. તેણે અત્યાર સુધી 99 ફર્સ્ટ ક્લાસ મેચોમાં 7638 રન બનાવ્યા છે જેમાં 27 સદી અને 29 અડધી સદી સામેલ છે. તે અત્યારે સારા ફોર્મમાં છે પરંતુ ઓસ્ટ્રેલિયામાં સંજોગો સંપૂર્ણપણે અલગ હશે. નીતીશના આંકડા એટલા પ્રભાવશાળી નથી પરંતુ ઝડપી બોલિંગ કરવા ઉપરાંત તે સારી બેટિંગ પણ કરી શકે છે અને તેથી જ પસંદગી સમિતિએ તેને ઈજામાંથી સાજા થઈને પરત ફરેલા શાર્દુલ ઠાકુર પર પ્રાથમિકતા આપી છે. નીતીશ માટે પોતાની ક્ષમતા સાબિત કરવાની આ મોટી તક હશે.

ઈજામાંથી સાજા થયા પછી, પ્રસિદ્ધ દુલીપ ટ્રોફી, ઈરાની કપ અને રણજી ટ્રોફીમાં રમાયેલી સાત મેચોમાં માત્ર સાત વિકેટ જ લઈ શક્યો હતો. પરંતુ એવું લાગે છે કે પસંદગીકારો ઓસ્ટ્રેલિયન પીચો પર તેના ઊંચા કદનો લાભ લેવાનો પ્રયાસ કરવા માગે છે.

આ ત્રણ ઉપરાંત કેપ્ટન રુતુરાજ ગાયકવાડ, ટોચના ક્રમના બેટ્સમેન બી સાઈ સુદર્શન, ઝડપી બોલર યશ દયાલ અને નવદીપ સૈની અને મધ્યમ ક્રમના બેટ્સમેન દેવદત્ત પડિક્કલ જેવા ખેલાડીઓ પણ સારું પ્રદર્શન કરીને રાષ્ટ્રીય ટીમના દરવાજા ખખડાવવા ઈચ્છશે. વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશન પણ આ તકનો ભરપૂર ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરશે.

ભારતીય ફૂટબોલ ટીમ 18 નવેમ્બરે હૈદરાબાદમાં મલેશિયા સામે ફ્રેન્ડલી મેચ રમશે

નવી દિલ્હી, તા. 30 (પીટીઆઇ) : ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એઆઇએફએફ) એ બુધવારે જાહેરાત કરી હતી કે નવા મુખ્ય કોચ માનોલો માર્કેઝની દેખરેખ હેઠળ ત્રણ મેચમાં વિજયનો સ્વાદ ચાખવામાં નિષ્ફળ રહેલી ભારતીય પુરૂષ ફૂટબોલ ટીમ 18 નવેમ્બરે હૈદરાબાદમાં મલેશિયા સામે ફ્રેન્ડલી મેચ રમશે. એઆઇએફએફએ ગયા મહિને જાહેરાત કરી હતી કે મેચ 19 નવેમ્બરે રમાશે પરંતુ સ્થળનો ઉલ્લેખ કર્યો ન હતો. બુધવારે મેચ એક દિવસ પહેલા મુલતવી રાખવાની સાથે તેણે સ્થળની પણ જાહેરાત કરી હતી. એઆઇએફએફએ જણાવ્યું હતું કે ભારત અને મલેશિયા વચ્ચે ફિફા ફ્રેન્ડલી મેચ 18 નવેમ્બર 2024 ના રોજ હૈદરાબાદ (તેલંગાણા)ના ગાચીબવલી સ્ટેડિયમમાં રમાશે.

ટેસ્ટ રેન્કિંગમાં રબાડા નંબર વન બોલર બુમરાહ ત્રીજા સ્થાને ધકેલાયો

પાકિસ્તાનના નોમાન અલીની ટોપ ટેન બોલર્સમાં અને સાદ શકીલની ટોપ ટેન બેટ્સમેનમાં એન્ટ્રી

ટોપ ટેન બેટ્સમેનમાં એકમાત્ર જયસ્વાલ ત્રીજા સ્થાને, પંત 11માં અને કોહલી 14માં ક્રમે ફેંકાયા

દુબઈ, તા. 30 (પીટીઆઇ) : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ દ્વારા આજે બુધવારે જાહેર કરવામાં આવેલા ટેસ્ટ રેન્કિંગમાં દક્ષિણ આફ્રિકાના અનુભવી ઝડપી બોલર કગિસો રબાડાએ બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં કરેલા શાનદાર પ્રદર્શનને જોરે બોલર્સ રેન્કિંગમાં ભારતીય ઝડપી બોલર જસપ્રીત બુમરાહને પાછળ હડસેલીને નંબર વન બોલર બન્યો હતો.

વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ દરમિયાન શાનદાર ફોર્મમાં રહેલા જમણેરી બોલર રબાડાએ તાજેતરમાં જ મીરપુરમાં બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં નવ વિકેટ લઈને આ ફોર્મેટમાં પોતાની 300 વિકેટ પૂરી કરી હતી. બુમરાહ બે સ્થાન સરકીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. ઓસ્ટ્રેલિયાના જોશ હેઝલવુડ બીજા સ્થાને છે. ભારતનો અનુભવી ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન પણ બે સ્થાનના નુકસાન સાથે ચોથા સ્થાને સરકી ગયો છે. તાજેતરમાં રાવલપિંડીમાં ઈંગ્લેન્ડ સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટમાં શાનદાર બોલિંગ કરનાર પાકિસ્તાનનો સ્પિનર નોમાન અલી ટોપ 10માં નવમા ક્રમે નવો સભ્ય છે.

બેટ્સમેનોના રેન્કિંગમાં યુવા ઓપનર યશસ્વી જયસ્વાલ એક સ્થાન આગળ વધીને ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. તેના સિવાય ટોપ ટેનમાં કોઇ ભારતીય નથી. પાકિસ્તાનનો સાદ શકીલ સાતમાં ક્રમે ટોપ ટેનમાં નવી એન્ટ્રી છે. વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત પાંચ સ્થાન નીચે 11મા ક્રમે અને વિરાટ કોહલી છ સ્થાન નીચે 14મા ક્રમે આવી ગયો છે.

ટેસ્ટ રેન્કિંગ ટોપ ટેન બેટ્સમેન

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	જો રૂટ	ઇંગ્લેન્ડ	903
2	કેન વિલિયમ્સન	ન્યૂઝીલેન્ડ	813
3	યશસ્વી જયસ્વાલ	ભારત	790
4	હેરી બ્રુક	ઇંગ્લેન્ડ	778
5	સ્ટીવ સ્મિથ	ઓસ્ટ્રેલિયા	757
6	ઉસ્માન ખ્વાજા	ઓસ્ટ્રેલિયા	728
7	સાદ શકીલ	પાકિસ્તાન	724
8	માર્નસ લાબુશેન	ઓસ્ટ્રેલિયા	720
9	કામિન્દુ મેન્ડિસ	શ્રીલંકા	716
10	રચિન રવિન્દ્ર	ન્યૂઝીલેન્ડ	711

ટેસ્ટ રેન્કિંગ ટોપ ટેન બોલર્સ

ક્રમ	ખેલાડી	દેશ	રેટિંગ
1	કગિસો રબાડા	દક્ષિણ આફ્રિકા	860
2	જોશ હેઝલવુડ	ઓસ્ટ્રેલિયા	847
3	જસપ્રીત બુમરાહ	ભારત	846
4	રવિચંદ્રન અશ્વિન	ભારત	831
5	પેટ કમિન્સ	ઓસ્ટ્રેલિયા	820
6	નાથન લિયોન	ઓસ્ટ્રેલિયા	801
7	પ્રભાત જયસૂર્યા	શ્રીલંકા	801
8	રવિન્દ્ર જાડેજા	ભારત	776
9	નોમાન અલી	પાકિસ્તાન	759
10	મેટ હેનરી	ન્યૂઝીલેન્ડ	751

બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટ પર દક્ષિણ આફ્રિકાએ સકંજો કસ્યો

દક્ષિણ આફ્રિકાએ 6 વિકેટે 575 રને દાવ ડિકલેર કર્યો, બાંગ્લાદેશે 38 રનમાં ચાર વિકેટ ગુમાવી

દક્ષિણ આફ્રિકાના ત્રણ બેટ્સમેનની સદી, વિઆન મુલ્ડરે પોતાની કેરિયરની પહેલી ટેસ્ટ સદી ફટકારી

ચિત્તાગોંગ, તા. 30 (એપી) : અહીં રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં આજે બુધવારે બીજા દિવસે દક્ષિણ આફ્રિકાએ છ વિકેટે 575 રન પર પ્રથમ દાવ ડિકલેર કર્યા પછી 38 રનમાં બાંગ્લાદેશની ચાર વિકેટ ખેરવીને મેચ પર પોતાની પકડ મજબૂત કરી હતી.

દક્ષિણ આફ્રિકા વતી ત્રણ ખેલાડીઓએ સદી ફટકારી હતી. ટોની ડી ઝોર્ઝીએ 177 રન અને વિયાન મુલ્ડરે અણનમ 105 રનનું યોગદાન આપ્યું હતું. મેચના પહેલા દિવસે ટ્રિસ્ટન સ્ટબ્સે 106 રન બનાવ્યા હતા. બાંગ્લાદેશના ડાબોડી સ્પિનર તૈજુલ ઈસ્લામે 198 રનમાં પાંચ વિકેટ ઝડપી હતી પરંતુ તેને બીજા છેડેથી કોઈ બોલરનો સારો સાથ મળ્યો નહોતો.

દિવસની શરૂઆતમાં ડી ઝોર્ઝી અને ડેવિડ બેડિંગહામને બાંગ્લાદેશના બોલરો સામે કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો. આ જોડીએ ત્રીજી વિકેટ માટે 116 રનની ભાગીદારી દરમિયાન સ્પિનરો સામે સ્વીપ અને રિવર્સ સ્વીપનો સારો ઉપયોગ કર્યો હતો.

દક્ષિણ આફ્રિકા પ્રથમ દાવ	રન	બોલ	4	6
માર્કરમ કો.મોમિનુલ બો.તૈજુલ	33	55	2	0
ડિ ઝોર્ઝી LB બો.તૈજુલ	177	269	12	4
સ્ટબ્સ બો.તૈજુલ	106	198	6	3
બેડિંગહામ બો.તૈજુલ	59	78	2	4
રિકલટન કો.ઇસ્લામ બો.નાહિદ	12	41	1	0
વેરીન LB બો.તૈજુલ	0	3	0	0
મુલ્ડર નોટઆઉટ	105	150	8	4
સેનુરન નોટઆઉટ	68	75	5	2
વધારાના	15			
કુલ (144.2 ઓવરમાં 6 વિકેટે ડિકલેર)	575			

વિકેટપતન : 1/69, 2/270, 3/386, 4/391, 5/391, 6/423

બોલિંગ	O	M	R	W
હસન મહમૂદ	23	1	83	0
નાહિદ રાણા	24	2	83	1
તૈજુલ ઇસ્લામ	52.2	5	198	5
મેંહદી હસન મિરાઝ	39	2	171	0
મોમિનુલ હક	4	0	15	0
મહમુદુલ હસન જોય	2	0	14	0

બાંગ્લાદેશ પ્રથમ દાવ	રન	બોલ	4	6
શાદમન કો.વેરેન બો.રબાડા	0	6	0	0
મહમુદુલ કો.માર્કરમ બો.પીટરસન	10	21	1	0
ઝાકિર કો.વેરેન બો.રબાડા	2	8	0	0
મોમિનુલ રમતમાં	6	10	1	0
હસન બો.મહારાજ	3	7	0	0
નજમૂલ રમતમાં	4	6	1	0
વધારાના	13			
કુલ (9 ઓવરમાં 4 વિકેટે)	38			

વિકેટપતન : 1/10, 2/21, 3/29, 4/32

બોલિંગ	O	M	R	W
કગિસો રબાડા	3	0	8	2
ડેન પીટરસન	3	0	15	1
કેશવ મહારાજ	2	1	4	1
એડન માર્કરમ	1	0	2	0

બીજી ટેસ્ટનો રસપ્રદ કિસ્સો : બાંગ્લાદેશના ખાતામાં એક બોલમાં 10 રન

ચિત્તગોંગમાં રમાઇ રહેલી બીજી ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દાવ ડિકલેર કર્યા પછી દાવ લેવા ઉતરેલી બાંગ્લાદેશી ટીમનો દાવ શરૂ થયો અને પહેલો બોલ રબાડાએ ફેંક્યા પછી બીજો બોલ ફેંક્યો તે નો બોલ હતો અને એટલો વાઇડ હતો કે વિકેટકીપર પણ તેને અટકાવી ન શકતાં તે બાઉન્ડરી પાર ગયો હતો અને તેના પાંચ રન બાંગ્લાદેશી ટીમને મળ્યા હતા. જો કે સ્કોરબોર્ડ 10 રન દર્શાવતું હતું, જે અંગે એવો ખુલાસો થયો હતો કે દક્ષિણ આફ્રિકાના દાવ દરમિયાન સેનુરન મુથુસામી બેટિંગ સમયે વારંવાર પીચ પર દોડ્યો હતો અને તેના પાંચ રન પેનલ્ટીના બાંગ્લાદેશના સ્કોરમાં ઉમેરાયા હતા.

સુડોકુ

	૬		૧		૮	૨	૭	૩
૭	૧	૩	૫	૨	૭			
		૯	૩					૧
							૨	
	૩	૨	૪	૮	૯			૫
૯	૮		૨					૬
૨		૫	૯	૩		૬	૮	
૩			૮					
		૮		૬	૫	૩	૯	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ઊંચાઇ વધારવા

રોજ હળવી કસરત કરવી. સાઇકલ ચલાવવી. પાંડેરવા(Erythrina indica) ની છાલ નું ચૂર્ણ રોજ સવારે અને સાંજે બે બે ગ્રામ લેવું.

શબ્દગુંફન - ૬૮૦૭

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. જૈનોના પહેલા તીર્થંકર (૪)
૪. વીરતા (૫)
૭. ચંચળ, અસ્થિર (૩)
૮. ઉપવાસ (૪)
૧૦. મોભો (૪)
૧૨. નિર્ણય, ઉકેલ (૨)
૧૩. લાગ, પ્રસંગ (૨)
૧૫. ગરીબ (૨)
૧૬. રાજા (૨)
૧૭. ડગુમગુ (૪)
૧૯. એક જાતનું ભૂત (૨)
૨૦. હુકમનો અમલ (૩)
૨૧. ધોળાશ પડતું, રૂપાનું (૩)
૨૪. રૂબરૂ, મોઢામોઢ (૩)
૨૬. ભપકો, રોફ (૩)
૨૮. લીન, ડૂબેલું (૨)
૩૦. દાન આપનાર (૪)
૩૨. જુલમી, નિર્દય (૩)
૩૪. વસિયતનામું (૨)
૩૫. નુકસાન (૨)

ઊભી ચાવી

૨. સતેજ કરવું તે (૩)
૩. આંખની કીકી (૩)
૪. એક જાતનું ઝીણું કપડું (૪)
૫. મનનું વલણ (૩)
૬. ગાયન, કાવ્ય (૨)
૮. પુષ્કળ (૫)
૯. દીવાની જ્યોત (૨)
૧૧. નાનું ઊંટ (૩)
૧૨. ઘોડો (૨)
૧૪. લોટો (૩)
૧૬. જંગલ (૨)
૧૭. બદમાશ (૩)
૧૮. વહાણનો દોરનાર (૩)
૧૯. ફતેહ, વિજય (૨)
૨૨. યુવાન (૩)
૨૩. કાળજી (૨)
૨૫. નાશપામે એવું (૨)
૨૬. મૂલ્ય, કિંમત (૨)
૨૯. તૃષ, ઘરાયેલું (૨)
૩૦. વિદ્યુત (૨)
૩૩. મોટું (૨)



આજનું પંચાંગ

તા. 31/10/2024, ગુરૂવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** આસો
તિથિ: વદ: ચૌદસ 15:54 પ્રદુ ચતુર્થી
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
રાષ્ટ્રિય દિનાંક : કારતક: 09
નક્ષત્ર : ચિત્રા : 24:45 **યોગ:** વિષ્કુંભ
કરણ : ચતુષ્પદ **રાશિ :** કન્યા (પ.ઠ.ણ.) પછી તુલા (ર,ત)
દિવસ : સામાન્ય, - અભ્યંગ સ્નાન, - સરદાર પટેલ જયંતી, દિવાળી:- 15:54 પછી લક્ષ્મી પૂજન, - મહાવીર નિર્વાણદિન
સુરતમાં સૂર્યોદય : 06:42 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:03
નવકારસી : 07:30
પારસી વર્ષ : 1394, ખોરદાદ માસનો 18મો રોજ
મુસલમાન વર્ષ : 1446, રબિઉલ આખર માસનો 27મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે: 13:30 થી 15:00 સુધી

Happy Dipawali

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): દોડધામ, ઉત્સાહ અને ખર્ચ ખરીદીમાં વ્યસ્ત રહેવાનું બનશે. મન પર ભાર રહે. આવક વધે. Happy Diwali

વૃષભ (બ.વ.ઉ.): અચાનક શુભ સમાચાર અને ઇચ્છિત મુલાકાત થાય. તેમજ સંતાન-જીવનસાથીનો સાથ. Happy Diwali

મિથુન (ક.છ.ઘ.): આનંદ-ઉત્સાહ વધશે. ઘરમાં નવાં સાધનો આવે. આવક વધારવાની નવી યોજના પાર પડે. Happy Diwali

કર્ક (ડ.હ.): ઉત્સાહજનક સમાચાર અને પ્રગતિ થાય. અટકેલાં કામ અને ધન બાબતે હકારાત્મક પ્રગતિ થાય. Happy Diwali

સિંહ (મ.ટ.): ઉઘરાણી આવવાથી રાહત થાય. પારિવારિક ધંધામાં લાભ, ઘરમાં ઉત્સાહજનક વાતાવરણ. Happy Diwali

કન્યા (પ.ઠ.ણ.): નવા કામ માટે યોજના બને. નોકરી-ધંધામાં સહકારથી અનુકૂળતા રહે. પરિવાર સાથે વ્યસ્ત. Happy Diwali

તુલા (ર.ત.): ખર્ચ ખરીદીમાં આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. વધુ પડતો બોજ રહે. ગુપ્ત ભય સતાવે. પ્રવાસ થાય. Happy Diwali

વૃશ્ચિક (ન.ય.): ભાગ્યનો સાથ મળે. નવા સોદા પાર પડે. પ્રેમમાં સહકાર મળે. ખર્ચા વધે અને થાક વધે. Happy Diwali

ધન (ભ.ધ.ફ.ઢ.): નોકરીમાં નવી તક મળે. ધંધામાં આવક વધશે. નવા કામ અને સોદા બાબતે અનુકૂળતા રહે. Happy Diwali

મકર (ખ.જ.): કામનો બોજ સતાવે. ખર્ચ-ખરીદીમાં વ્યસ્ત રહેવાનું બને. શુભ સમાચાર મળે. ઇચ્છિત મુલાકાત થાય. Happy Diwali

કુંભ (ગ.સ.શ.ષ.): નોકરીમાં પ્રગતિ, ધંધામાં આવક વધારવાની યોજના પાર પડે. અટકેલા કામ થાય. Happy Diwali

મીન (દ.ચ.ઝ.થ.): રોજનાં કામ ઉત્સાહપૂર્વક થાય. ઘર-સામાજિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાનું બને. આવક વધે. Happy Diwali

કોઇ પણ સાલમાં 31 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહ અને નવી તકો પૂરી પાડનાર રહેશે. ચાલુ કામકાજમાં નવા ફેરફારથી અનુકૂળતા વધશે. નોકરીમાં પ્રમોશન કે ફેરબદલ થવાથી નવી ટેક્નોલોજીનો લાભ મળે. સમાજમાં માન વધે તેવાં કામ થાય. ઉઘરાણી આવવાથી નવી બચત યોજના બને. નવા ઘર, વાહન, મકાન બાબતે આ વર્ષ અનુકૂળ છે. શરૂઆતમાં તક મળશે. મિત્રો-વડીલોની મદદ સંતાનોનાં કામમાં મળે. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નવાં નોકરી-ધંધા-રોજગાર તથા આવક વધારવાની યોજના પાર પડવાથી ઉત્સાહ વધે. ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. વારસો, જાયદાદ, જમીન બાબતે કાયદાકીય અનુકૂળતા વર્ષ દરમિયાન રહેશે. વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ બાબતે વિદેશ વગેરેમાં તક મળે. વિદેશનાં કામ પાર પડશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળશે. જૂન-જુલાઇમાં સંતાનોનાં કામ પાર પડશે. નવેમ્બર-ડિસેમ્બરમાં ખર્ચા વધશે. ગુપ્ત શત્રુઓથી સાવધાન રહેવું.

અનુસંધાન... પાના પહેલાનું

ડેમચોક-દેપસાંગમાં...

થશે, એમ તેઓએ જણાવ્યું હતું. ભારતમાં ચીનના રાજદૂત ઝુ ફેઇહોંગે કોલકાતામાં એક કાર્યક્રમમાં ભાગ લીધો હતો તેમણે સૈનિકોને પાછા બોલાવવા અંગેના એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, 'હું આશા રાખું છું કે આ સર્વસંમતિના માર્ગદર્શન હેઠળ, સંબંધો ભવિષ્યમાં સરળ રીતે આગળ વધશે અને બંને પક્ષો વચ્ચે ચોક્કસ મતભેદો દ્વારા વિક્ષેપિત નહીં થશે અથવા અટકી નહીં પડે. આ પ્રક્રિયા પૂર્વી લડાખમાં એલએસી સાથે સૈનિકોના પેટ્રોલિંગ અને જવાનોને પાછા બોલાવવા પર બંને દેશો વચ્ચે થયેલા કરારને અનુસરે છે, જે ચાર વર્ષથી વધુ સમયથી ચાલી રહેલી મડાગાંઠને સમાપ્ત કરવા માટે એક મોટી સફળતા છે. જૂન 2020માં ગલવાન ખીણમાં ભીષણ અથડામણ પછીથી પૂર્વી લડાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ઘટેલા તણાવ બાદ આ પગલું નોંધપાત્ર ઘટનાક્રમ દર્શાવે છે. 2020ની અથડામણ દાયકાઓમાં બંને પક્ષો વચ્ચેના સૌથી ગંભીર લશ્કરી સંઘર્ષ પૈકી એક હતો. આ અથડામણ બાદ એશિયાના બે દિગ્ગજો વચ્ચેના સંબંધો ખરાબ થયા હતા. સૈનિકોને પાછા ખેંચવાની પ્રક્રિયા બાદ ચકાસણી પ્રક્રિયા ચાલુ છે અને ગ્રાઉન્ડ કમાન્ડરો વચ્ચે પેટ્રોલિંગની પદ્ધતિ નક્કી કરવામાં આવશે. સ્થાનિક કમાન્ડર સ્તરે વાતચીત ચાલુ રહેશે', એમ સૈન્ય સૂત્રોએ જણાવ્યું હતું.

દેશમાં સોનાના...

ઓછા ગંભીર ઇઝરાઇલી હુમલાને કારણે પશ્ચિમ એશિયામાં તણાવ હળવો થવાની કેટલીક આશાઓ ઉભી થતાં આ સપ્તાહની શરૂઆતમાં બુલિયન બજાર મંદીમાં રહ્યું હતું.

કેનેડાના મંત્રીએ...

ટ્રુડોએ એક વર્ષ પહેલાં કહ્યું હતું કે જૂન 2023માં બ્રિટિશ કોલંબિયામાં કેનેડિયન શીખ કાર્યકર્તા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારત સરકારની સંડોવણીના વિશ્વસનીય પુરાવા કેનેડા પાસે છે. કેનેડિયન સત્તાવાળાઓએ વારંવાર કહ્યું છે કે તેઓએ તેના પુરાવા ભારતીય અધિકારીઓ સાથે શેર કર્યા છે. ભારત સરકારના અધિકારીઓએ વારંવાર કેનેડાએ પુરાવા આપ્યાનો ઇનકાર કર્યો છે અને આરોપોને વાહિયાત ગણાવ્યા છે. ઓટ્ટાવામાં ભારતીય દૂતાવાસે શાહ સામેના આરોપો પર કોઈ ટિપ્પણી કરી ન હતી. કેનેડા એકમાત્ર એવો દેશ નથી જેણે ભારતીય અધિકારીઓ પર વિદેશી ધરતી પર હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો છે. અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટે ન્યૂયોર્ક સિટીમાં રહેતા એક શીખ અલગતાવાદી નેતાની હત્યાના કથિત નિષ્ફળ કાવતરાના સંબંધમાં ભારત સરકારના કર્મચારી વિરુદ્ધ ઓક્ટોબરના મધ્યમાં ફોજદારી આરોપો લગાવ્યા હતા.

કિંગ ચાર્લ્સ અને...

ખાતેના ઈન્ટરનેશનલ હોલિસ્ટિક સેન્ટર 'એસઓયુકેવાયએ'ની આ રાજાની પ્રથમ મુલાકાત ન હતી. તેમણે 2019માં અહીં તેમનો 71મો જન્મદિવસ ઉજવ્યો હતો. તે ડો. ઈસાક મથાઈ દ્વારા સંચાલિત છે, જેઓ ગયા વર્ષે 6 મેના રોજ યુકેના રાજા તરીકે ચાર્લ્સના રાજ્યાભિષેકમાં હાજરી આપવા માટે આમંત્રિત કરાયા હતા.

'દંપતીએ રોગનિવારક યોગ કર્યા હતા ઈંડા સાથે કડક શાકાહારી આહારનો આનંદ માણ્યો હતો. તેમણે નવજીવનની સારવાર કરાવી હતી જેમાં ધ્યાન અને થેરેપી પણ સામેલ હતા', એમ સુવિધાના એક અધિકારીએ જણાવ્યું હતું.

દિલ્હી ડાયરી...

બનાવવાની વિનંતી કરવામાં આવી હતી. પાછળથી ભદૌરિયાએ પ્રોજેક્ટ માટે ગડકરીની સૈદ્ધાંતિક મંજૂરી પર ખુશી વ્યક્ત કરી. ધૌરહરા સાંસદે કહ્યું કે જો એક્સપ્રેસવેનું નિર્માણ શરૂ થાય છે તો તે તેમના માટે સ્વપ્ન સાકાર થવા જેવું હશે. નરેન્દ્ર મોદીના શાસનનો ટ્રેક-રેકોર્ડ દર્શાવે છે કે તે બિન-ભાજપ શાસિત રાજ્યો અને વિરોધ પક્ષો દ્વારા રજૂ કરાયેલા લોકસભા મતવિસ્તારોને અવગણવા કરવાની શંકાસ્પદ વિશિષ્ટતા ધરાવે છે. જોકે, મિસ્ટર ગડકરી અપવાદ રહ્યા છે. છેલ્લાં 10 વર્ષો દરમિયાન તેઓ માર્ગ અને ધોરીમાર્ગોના મંત્રી રહ્યા છે. ગડકરીએ હાઈવે અને એક્સપ્રેસવે સંબંધિત અને તેમના મંત્રાલય સાથે સંબંધિત અન્ય મુદ્દાઓને ધ્યાનમાં લીધા વિના સંબોધ્યા છે કે તે વિપક્ષ શાસિત રાજ્ય છે અથવા વિપક્ષના સાંસદ દ્વારા પ્રતિનિધિત્વ કરેલું ક્ષેત્ર છે.

અદૂરદર્શી અભિગમ વિશે આરોપ મૂકતા પહેલા વીએચપીએ પોતાનો દૃષ્ટિકોણ બદલવો જોઈએ

વિશ્વ હિન્દુ પરિષદ (વીએચપી)એ સંસ્થાનો સંપર્ક કરવા માટે સંકટગ્રસ્ત બાંગ્લાદેશી હિન્દુઓ માટે તાજેતરમાં હેલ્પલાઇન નંબર-911-26103495- બહાર પાડ્યો છે. વીએચપી જણાવ્યું હતું કે, ''અમે કેન્દ્ર સરકાર સાથે સંકલન કરીને તેમને દરેક શક્ય રીતે મદદ કરવાનો પ્રયાસ કરીશું.'' સંગઠને બાંગ્લાદેશની વચગાળાની સરકાર પાસે ત્યાંના હિંદુઓ પર હુમલો કરનારાઓ સામે કાર્યવાહી કરવાની પણ માંગ કરી છે. વીએચપી પ્રમુખ આલોક કુમારે કહ્યું, ''અમે કહેવાતા માનવ અધિકાર સંસ્થાઓ અને બાંગ્લાદેશમાં પીડિત લઘુમતીઓ માટે એક પણ શબ્દ બોલ્યા નથી તેવા વ્યક્તિઓનું વિચિત્ર મૌન જોઇને આશ્ચર્ય પામીએ છીએ.'' ભારતમાં હોય કે વિદેશમાં કોઈ પણ સમુદાય વિરુદ્ધ અતિરેક સંબંધિત મુદ્દાઓ ઉઠાવતી વખતે કોઈ પસંદગીયુક્ત ન હોઈ શકે. માનવાધિકાર સંગઠનો પર સવાલ ઉઠાવવામાં વીએચપીના વડા વાજબી છે. જોકે, આ મોરચે વીએચપીનો પણ શંકાસ્પદ ટ્રેક રેકોર્ડ છે. કારણ કે, આ સંગઠન ભૂતકાળમાં માનવાધિકારના મુદ્દા ઉઠાવવામાં પણ પસંદગીયુક્ત રહ્યું છે.